તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૭ ૯ માર્ચ, ૨૦૧૬, બુધવાર ; મહા વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ભારતીય કંપનીઓ બંપર ભરતી માટે તૈયાર
- પ. બંગાળમાં ક્રૂડ બોમ્બ બ્લાસ્ટ : બે લોકોના મોત
- માલ્યાને રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં ૧૭ બેંકોની અપીલ
- સિન્ડિકેટ બેંક કાંડ : ઝમૈંના દરોડાથી કર્મચારીમાં દહેશત
- મહિલાઓની સમાજમાં ભૂમિકાની મોદી દ્વારા પ્રશંસા કરાઈ
- ૭ કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થી માટે આદર્શ : હેવાલ
- પાક. ઇસ્લામિક ત્રાસવાદી સંગઠનો માટે પ્રમુખ કેન્દ્ર : રિસર્ચ રિપોર્ટ
- શારાપોવા ડ્રગ ટેસ્ટમાં ફેઇલ થઇ : હવે પ્રતિબંધનો ખતરો
- સેંસેક્સમાં વધુ ૬૪ પોઇન્ટનો નજીવો ઉછાળો

# આખરે ઈપીએફ પર ટેક્સ પરત

### લોકસભામાં ઇપીએફના મુદ્દા ઉપર અરુણ જેટલીનો ખુલાસો : રોકાણ કરવા માટે કર્મચારીઓને વિકલ્પો મળવા જ જોઇએ : રાષ્ટ્રીય પેન્શન સ્કીમમાં સામેલ થવા વધુમાં વધુ કર્મચારીઓ પ્રોત્સાહન મળે તે અતિજરૂરી

નવીદિલ્હી,તા.૮

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દરમિયાનગીરી અને દેશના લોકોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યા બાદ આજે આખરે જાહેરાત કરી હતી કે હવે ઈપીએફ પર કોઇ ટેક્સ લાગશે નહી. જેટલીએ ઈપીએફ ઉપાડ પર ટેક્સ લાગુ કરવા સાથે સંબંધિત



તેમની વિવાદાસ્પદ દરખાસ્તને પાછી ખેંચી લીધીહતી. કર્મચારી ભવિષ્ય નિધી (ઈપીએફ)માંથી પૈસાના ઉપાડના સમય પર ટેક્સ લાગુ કરવાની દરખાસ્ત પર હાલમાં ભારે હોબાળો હતો. આને લઈને જોરદાર ઘમસાણ મચી ગયા બાદ મોદી સરકારે હવે આ નિર્ણયને સંપૂર્ણરીતેપાછો ખેંચી લીધો છે. તમામ વર્ગના કર્મચારીઓને આના કારણે રાહત થઈ છે. કેન્દ્ર સરકારે હવે ઈપીએફના વ્યાજ પર ટેક્સને સંપૂર્ણરીતે પાછો ખેંચી લીધો છે. ઈપીએપ ટેક્સના મામલે વિપક્ષ અને કર્મચારી સંગઠનોના વિરોધ વચ્ચે આજે ધારણા પ્રમાણે જ જેટલીએ સંસદમાં નિવેદન કરીને સામાન્ય લોકોની બચતને લઈને ચિત્ર સ્પષ્ટ કર્યુ હતુ. જેટલીએ કહ્યુ હતુ કે અમે કેટલાક ફેરફાર કરવા જઈ રહ્યા છીએ. ઈપીએફ પર ટેક્સના નિર્ણયને પરત લઈ રહ્યા છીએ. હવે ઈપીએફ પર કોઈ ટેક્સ રહેશે નહી. સરકારે બજેટમાં જે નિર્ણય લીધો હતો તે નિર્ણયને પાછો ખેંચવામાં આવી રહ્યો છે. આનો મતલબ એ થયો કે ઈપીએફમાંથી ૬૦ ટકા ઉપાડ ના વ્યાજ દર કોઈ ટેક્સ આપવો પડશે નહી. બજેટમાં ઈપીએફમાંથી ઉપાડ પર ટેક્સની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ વિરોધ પક્ષો

● અનુસંધાન પાન-૭ પર

# દેશને પ્રથમ મહિલા ફાઈટર પાયલોટ બેચ જૂનમાં મળશે

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જાહેરાત કરાઈ : બેચમાં ત્રણ મહિલા ટ્રેની પાયલોટોનો સમાવેશ : હવાઈ દળમાં કોમ્બેટ રોલ માટે પસંદગી કરાઈ છેઃ અરૂપ રાહા



નવીદિલ્હી,તા. ૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આજે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ભારતીય હવાઈ દળના વડા અરૂપ રહાએ જાહેરાત કરી હતી કે આઈએએફ આ વર્ષે ૧૮મી જુનના દિવસે તેની પ્રથમ મહિલા ફાઈટર પાઈલોટ મેળવી લેશે. રહાએ જાહેરાત કરી હતી કે હાલમાં ત્રણ મહિલા ટ્રેની સ્વૈચ્છિકરીતે ફાઈટર પ્રવાહમાં સામેલ થવાની ઈચ્છા દર્શાવી ચુકી છે. હાલમાં આ મહિલાઓ તેમની ટ્રેનિંગના બીજા તબક્કામાં છે. એક વખતે તેમની ટ્રેનિંગ પૂર્ણ થઈ ગયા બાદ તેઓ તેમના પુરૂષ સાથીઓની

● અનુસંધાન પાન-૭ પર

# થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ પહેલી એપ્રિલથી મોંઘા

### હવે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ ૩૦ ટકા વધુ ખર્ચાળ પુરવાર થશે : વાણિજ્ય વાહનો માટે કુલ ૨૫થી ૩૦ ટકાની દરખાસ્ત

નવીદિલ્હી, તા.૮

થર્ડપાર્ટીઈન્સ્યોરન્સ કરાવવાની બાબત હવે ખર્ચાળ સાબિત થશે. થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સને ૩૦ ટકા મોંઘા કરવાનીતૈયારી કરી લેવામાંઆવી છે. પોતાની ગાડીના થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ કરાવવાની બાબત મુશ્કેલ બન્યા બાદ સામાન્ય લોકો પર વધારે બોજ આવશે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર પહેલી એપ્રિલથી પોતાના સુધારેલા દરો લાગૂ કરશે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મુસદ્દા દરખાસ્તમાં કેટલીક શ્રેણીમાં સરેરાષ ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વાણિજ્ય વાહનો માટે ૨૫થી ૩૦ ટકા સુધી વધારો કરવાની દરખાસ્ત છે. એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સના વડા પુનિત સહાનીએ કહ્યું છે કે, વાણિજ્ય વાહનોની કેટેગરીમાં ક્લેઈમમાં વધારો કરાયો છે જેમાં રાજ્યમાં એક વર્ષમાં અઢીથી ત્રણ લાખ કિલોમીટર ચાલનાર બેથી ૭.૫ ટનના ટ્રક અને વર્ષભરમાં ચાર લાખ કિલોમીટર ચાલનાર ૭.૫થી ૧૨ ટનવાળા ટ્રકનો સમાવેશ થાય છે. ઈરડાએ માહિતી આપતા કહ્યું છે કે, ૩૫૦ સીસીથી ઓછા એન્જિનવાળા ટુ વ્હીલર્સના વિમામાં ૧૦થી ૧૫ ટકાનો વધારો કરાશે. જ્યારે ૩૫૦ સીસીથી ઉપરના ટુ વ્હીલર્સમાં ઈન્સ્યોરન્સમાં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવી શકે છે. ટુ વ્હીલર્સની જેમ જ ફોર વ્હીલર વાહનોમાં પણ આવું જ કરવામાં આવનાર છે.

# જિલ્લામાં ફૂડ સિક્યોરીટી એક્ટના અમલ માટે તંત્રની તૈયારીઓ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૧લી એપ્રિલથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ના અમલ માટે તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધારકો માટેની મહત્વાકાંક્ષી યોજનાના અમલ માટે તંત્રએ તેનો રોડ મેપ તૈયાર કરી દીધો છે. જેમાં ૧૫મી માર્ચ સુધીમાં કાર્ડમાં આ માટેનું સ્ટેમ્પીંગ કરાવવાનું રહેશે.

આ સ્ટેમ્પ ધરાવતા કાર્ડધારકને ૩૫ કિલો સુધીનું અનાજ મળવા પાત્ર થશે. જેમાં ઘઉં પ્રતિ કિલો રૂ. ૨ અને ચોખા રૂ. ૩ના ભાવે વ્યક્તીદીઠ પાંચ કિલો પ્રમાણે મળવા પાત્ર થશે. મળતી વિગતો પ્રમાણે ઈ.એફ.પી.એસ. પદ્ધતિ હેઠળ ડિવાઈસથી અનાજનું વિતરણ કરશે તે વ્યાજબી ભાવના દુકાનદારને ભારત સરકાર દ્વારા નક્કી કરેલ દર રૂ. ૧૦ ક્વિન્ટલ દીઠ વધુ ચુકવવામાં આવશે.

જિલ્લા તંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાષ્ટ્રીય

### ૧૫ માર્ચ સુધીમાં રેશનકાર્ડમાં આ માટે સ્ટેમ્પીંગ કરાવવાનું આવશ્યક છે : તંત્ર સજ્જ

અન્ન સલામતી કાયદા પ્રમાણે રેશનકાર્ડ પર અન્ન સલામતી કાયદો ૨૦૧૩નો સિક્કો લગાવવો આવશ્યક છે. તા. ૧૫ માર્ચ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી, નાયબ મામલતદાર પાસે અથવા તો જે તે વ્યાજબી ભાવની દુકાને પોતાના રેશનકાર્ડ જમા કરાવી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનું અગ્રતા ક્રમ ધરાવતુ કુટુંબ હોવાનો સિક્કો લગાવવો જરૂરી છે. સિક્કો લગાવ્યા પછી રેશનકાર્ડ પરત લઈ લેવુ અને પછી કાયદાનો લાભ લેવો તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત રેશનકાર્ડમાં સ્ટેમ્પ લગાવવો આવશ્યક છે. ત્યારે રેશનકાર્ડમાં સમાવિષ્ટ કોઈ પણ ૧૮ વર્ષ કરતાં વધુ વયની મહિલાના નામ સામે જ તેનો સ્ટેમ્પ લગાવવામાં આવશે. કારણ કે તે મહિલાને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદાની હેડ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

# બાંધકામ સમિતિના ચેરમેન અંગે ૧૫મી માર્ચે સુનાવણી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેનની નિયુક્તી મામલે કરાયેલ રિવીઝન અરજી પર ૧૫મી માર્ચે સુનાવણી હાથ ધરાશે. આજે પંચાયત સચિવની કચેરી ખાતે સુનાવણી દરમ્યાન સમિતિના સભ્ય સચિવશ્રીને તેમનો જવાબ ૧૫મી માર્ચ સુધીમાં રજુ કરવા માટે જણાવાયું છે.

પંચાયતમાં બાંધકામ સમિતિના ચેરમેનની નિમણુંકમાં બળવો થતાં સમિતિના કાર્યકારી અધ્યક્ષ અને એક સભ્ય સભાત્યાગ કરી જતાં સમિતિના સભ્ય સચિવે રજુ કરેલી કાર્યવાહી નોંધ ૨૬ કરવાનો જિલ્લા વિકાસ અધિકારીએ નિર્ણય કર્યો હતો. જે નિર્ણય સામે ચેરમેન અમૃતાબેને પંચાયત સચિવને રિવીઝન અરજી કરી દાદ માંગી છે.

# રાજયમાં માથાદીઠ દેવું વધીને રૂપિયા ૩૭૮૭૮ પર પહોંચશે

અમદાવાદ, તા.૮

રાજયમાં માથાદીઠ જાહેરદેવા અને જવાબદારીમાં દર વર્ષે રૂપિયા ત્રણ હજારનો વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭ના અંતે માથાદીઠ દેવું અને જવાબદારી રૂપિયા ૩૭,૮૭૮ થવાનો અંદાજ છે. જાહેર દેવુ સરેરાશ ૧૧ ટકાના દરે વધી રહ્યું હોવાની વિધાનસભા ગૃહમાં આજરોજ રજુઆત કરવામાં આવી છે. ગૂજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને સિદ્ધપુર મતવિસ્તારના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતે આજે બજેટ પરની સામાન્ય ચર્ચા પર ભાગ લેતાં

### રાજ્યનું જાહેર દેવું સરેરાશ ૧૧ ટકાના દરે વધી રહ્યું છે જે ચિંતાજનક છે : વિધાનસભામાં કોંગ્રેસની રજૂઆત

જણાવ્યું હતું કે, ૨૦૧૬-૧૭ના બજેટમાં ભાજપની સરકારે માત્ર જાહેરાતો વધુ અને જાહેર પ્રજાના કલ્યાણ માટે બજેટ ઘટાડયું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ શાસનમાં ગુજરાતનો વિકાસદર ૯.૫ ટકાના દરે વધતો હતો. જે ઘટીને ૮.૩૮ ટકા આજે થયો છે અને માથાદીઠ આવકો જે ૧૪.૩૫ ટકાના વાર્ષિક દરે વધતી હતી. જે ઘટીને ૭.૪૦ ટકાના રાજમાં છેલ્લા ૧૧ વર્ષમાં ઘરગથ્થુ ઉત્પાદનમાં ૧૦ ટકા જેટલો ઘટાડો થયો છે. કૃષિના વિકાસદરમાં ૬ ટકાનો ઘટાડો થયો હોવાને કારણે ગ્રામીણ ગુજરાતના લોકોમાં માસિક માથાદીઠ ખર્ચ હરિયાણા અને પંજાબ કરતાં ઓછો કરવામાં આવે છે. રાજપુતે વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા ૧૨ વર્ષમાં મહેસુલી આવકો ૪૭૪ ટકાના દરે વધી છે.





